ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ઝંખના મેહુલ શાહ
મો. ૯૪૨૭૭ ૧૩૪૨૨



અનેરી મૃગેશ ભટ્ટ
મો. ૯૯૦૯૯ ૧૪૩૩૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# કેએસવીના ચેરમેન સહિત વ્યાખ્યાતાઓએ વડાપ્રધાનની મુલાકાત લીધી



બ્રિટીશ હાઈ કમિશન અને જીટીઈપીના સહયોગથી આયોજિત ઈન્ડિયા-યુકે કોલોબ્રેશનમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય શરૂઆતથી જ ભાગીદાર છે. જે અંતર્ગ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં પણ વિશ્વવિદ્યાલય સામેલ થાય છે. ભારતમાં આઈએફડીપી અંતર્ગત આયોજિત ફેકલ્ટી ડેવલમેન્ટ વર્કશોપના છેલ્લા તબક્કામાં રાજયની યુનિવર્સિટીઓમાંથી ૩૨ વ્યાખ્યાતાઓ લંડન (યુકે)ની વિવિધ યુનિવર્સિટીઓમાં બિઝનેશ, એજયુકેશન, વિગેરે વિષયો પર ચર્ચા-વિમર્શમાં ભાગ લીધો હતો. નોંધનીય બાબત એ છે કે આયોજિત સેમિનારમાં ૭ વ્યાખ્યાતાઓ કડી સર્વ વિશ્વવિદ્યાલયની વિવિધ શાખાઓમાંથી પસંદગી પામ્યા હતાં. આ દરમ્યાન કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલ પણ લંડન ખાતે આયોજિત સેમિનારના ઉદઘાટન પ્રસંગે તેઓ સાથે જોડાયા હતા.

યુકે ડેલિગેશનમાંથી પરત આવેલ ગુજરાત રાજયની વિવિધ યુનિવર્સિટીના ૩૨ વ્યાખ્યાતાઓ સહિત કડી સર્વવિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ, બ્રિટિશ કમિશનના સભ્યોએ તા. ૯ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ દિલ્હી ખાતે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વિશેષ મુલાકાત લીધી હતી. જેમાં શિક્ષણના વિવિધ મુદ્દાઓ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ઉપસ્થિત મહાનુભાવોએ પોતાના વિચારો પ્રગટ કર્યા હતા.

### વાર્તાયનના ૧૨મા પર્વમાં

# મધુ રાય અને કનૈયાલાલ ભટ્ટનું વાર્તાપઠન

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતી ભાષામાં નવા વાર્તાકારોને એક મંચ આપવા અને તેઓને સારી વાર્તા લખવા માટે પ્રેરિત કરવાના અને લોકોને વાર્તાકળામાં રસરૂચિ લેતા કરવાના આશયથી મધુરાય સંપાદિત "મમતા" વાર્તામાસિક અને ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી " વાર્તાયન "પર્વ – ૧૨ ની બેઠક તા. ૯,ડિસેમ્બરને રવિવારે બપોરે દોઢ કલાકે શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ મુકામે મળી હતી. જેમાં આરંભે આ બેઠકના સંચાલક ધર્મેન્દ્ર ત્રિવેદીએ સૌ સર્જકો તથા ભાવકોને આવકાર્યા હતા. આરંભે અમેરિકન લેખક ફ્રેંક આર. સ્ટૉકસ્ટન લિખિત વિશ્વપ્રસિદ્ધ ટૂંકીવાર્તા " કાં સુંદરી કાં વાઘ ( The Lady ro Tiger ) " નું વાંચન પ્રા. ડૉ. ઊર્વી અમીને કર્યું હતું. ત્યારબાદ વાર્તાયનની આ બેઠકમાં વાર્તાયનના સંયોજક અને




કવિ કનૈયાલાલ ભટ્ટે પોતાની ટૂંકીવાર્તા "શ્રૃંગી"નું પઠન કર્યું હતું. અને ત્યારબાદ મધુ રાયે પોતાની "હિંદ સિનેમા" વાર્તાની સર્જન સ્થિતિ અને સમયની વાતના સંસ્મરણ કહીને પોતાની આ વાર્તાનું પઠન શ્રી ધર્મેન્દ્ર ત્રિવેદી પાસે કરાવ્યું હતું. આ બન્ને વાર્તાઓની ઉપસ્થિત સૌ સર્જકો / ભાવકો દ્વારા ઊંડાણ પૂર્વકની ચર્ચા – સમીક્ષા કરવામાં આવી હતી.

સર્જક કનૈયાલાલ ભટ્ટની "શ્રૃંગી" વાર્તાની કથા મંગળગ્રહ ઉપરના એલિયનની અને પૃથ્વી પર વસતા નાયકની એક કાલ્પનીક રંગોથી ભરેલી હોવાથી સૌને ગમી હતી. આ વાર્તાના આરંભ, મધ્ય અને અંતની ચર્ચા થઈ. રચનારીતિ, વાર્તાતત્વ અને એમાં રહેલી કાલ્પનીકતા અને વાસ્તવિકતાની ચર્ચા પણ કરી હતી. આ "શ્રૃંગી" વાર્તાને મધુ રાયે આવકારતા કહ્યું હતું કે એમાં કલ્પનાના ભાવરમ્ય ચિત્રો સારા છે. ઘણી જગ્યાએ ક્રિએટિવીટી પણ જોવા મળે છે. જે અભિનંદનને પાત્ર છે. મધુ રાયની વાર્તા " હિંદ સિનેમા" એમની કિશોરાવસ્થાની એક ઘટનાનું મનોવૈજ્ઞાનિક નિરૂપણ અને આર્થિક નબળી સ્થિતિને કારણે થતા બાળસહજ શોષણ અને મજાકની માર્મિક રજુઆત સૌ ભાવકોને સ્પર્શી હતી. બધાની ચર્ચાને અંતે શ્રી ડૉ. કેશુભાઇ દેસાઈએ ત્રણેય વાર્તાઓની સમીક્ષા કરીને પોતાનો મત રજુ કર્યો હતો. આ પર્વને અંતે સંયોજક કનૈયાલાલ ભટ્ટે વાર્તાયનને એક વર્ષ પૂર્ણ થતાં સૌ સર્જકોનો આભાર માન્યો હતો અને "મમતા વાર્તા સ્પર્ધા" વિશે ટૂંક સમયમાં આયોજિત થનાર ભવ્ય કાર્યક્રમની સૌને માહિતી આપી હતી. આ બેઠકમાં જાણીતા સર્જકો સર્વશ્રી દલપત ચૌહાણ, રાઘવજી માધડ, પ્રવીણ ગઢવી, ઉત્સવ પરમાર, ત્રંબકભાઈ પંડ્યા, રણછોડભાઈ પરમાર, હસમુખ મેકવાન, એન. પી. થાનકી, કિરીટ સોની. દિલીપસિંહ ઝાલા, અર્પિતા ભટ્ટ, દીપક પંડ્યા, ડૉ. કમલેશ પરમાર, ભરત પાઠક, ધૂર્જટિ પ્રજાપતિ, વગેરે અનેક ભાવકો ઉપસ્થિત રહ્યા હતા. દર મહિને યોજાતા આ વાર્તાયન સૌને માટે ખુલ્લો હોવાથી સૌ કોઈ એમાં હાજર રહી શકે છે. આ માટે સૌએ પોતાનો વૉટ્સપ નંબર સંયોજક કનૈયાલાલ ભટ્ટને મોકલી આપવો.

## બુધવારે શિક્ષણ તાલીમ ભવનમાં ગાંધી જીવનદર્શન વિષયે વક્તવ્ય

ગાંધીનગર, તા. ૧૦

ગાંધી મિત્રવર્તુળ, ગાંધીનગરના ઉપક્રમે તા. ૧૨ નવેમ્બર ને બુધવારના રોજ સવારે ૧૧.૩૦ કલાકે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સૅક્ટર-૧૨ ખાતે સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી ગાંધી જીવનદર્શન વિષયે વક્તવ્ય આપશે. સાથે બીઍડના તમામ તાલીમાર્થીઓને ગાંધીજીની કહાણી પુસ્તક ભેટમાં આપવામાં આવશે. સૌ ગાંધીજનો, ભાવકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ને વક્તવ્યનો લાભ લેવા તેમણે ઈજન પાઠવ્યું છે.



ભારતીય વિદ્યા ભવનના જે એ ઑડિટોરિયમ, અમદાવાદ ખાતે ચાલી રહેલી ચિત્રલેખા નાટ્યસ્પર્ધામાં રવિવારે ગાંધીનગરના અખ્તર સૈયદ ગૃપનું કાંતિ મડિયા લિખિત અને અખ્તર સૈયદ દિગ્દર્શિત નાટક 'અમે બરફનાં પંખી' તથા વિનોદ સરવૈયા લિખિત, વિપુલ મહેતા દિગ્દર્શિત મુંબઈનું નાટક 'ભારતીબેન ભૂલા પડ્યા' ભજવાયું હતું.

## એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાનું ગૌરવ




ભૂતાન ખાતે યોજાયેલ ટેક્વોંડો સ્પર્ધામાં નેશનલ લેવલે એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ- ૨ બીમાંઅભ્યાસ કરતી વિદ્યાર્થિની મેસરિયા મિસ્તીએ પ્રથમ વિજેતાક્રમ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. આચાર્ય મિલિ સિંઘ અને સ્ટાફગણે વિજેતા વિદ્યાર્થિનીને અભિનંદન આપી ઉત્સાહ વધાર્યો હતો.

## ગુજરાતી ફિલ્મ 'મિડનાઈટ્સ વિથ મૅનકા' સિનેમાઘરોમાં




ગુજરાતી કોમેડી ફિલ્મ "મિડનાઈટ વિથ મેનકા" ગુજરાતનાં સિનેમાઘરોમાં પ્રસ્તુત થઈ ચૂકી છે. ગુજરાતી ફિલ્મ છેલ્લો દિવસના પ્રોડ્યૂસર રશ્મિન મજીઠીયાએ આ ફિલ્મનું નિર્માણ કર્યું છે. મલ્હાર ઠાકર, ઈશા કંસારા, હાર્દિક સંઘાણી અને વિનિતા મહેશ જોશી આ ફિલ્મમાં પોતાનો અભિનય આપી રહ્યાં છે. વિનય શાહ દ્વારા દિગ્દર્શિત અને મ્યુઝિક ડાયરેક્ટર અમ્બ્રેશ શ્રોફ દ્વારા કમ્પોઝ કરાયેલ 'આઈ એમ ધ સુપરસ્ટાર' જેવાં સંગીતમય ગીતો શ્રોતાઓને પ્રભાવિત કરવા સજ્જ છે.

# ગાંધીનગર શહેરમાં મેરેથોન કાવ્ય મહેફિલ




ગાંધીનગર સાહિત્યસભા અને તોફાની તાંડવ અખબારના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે એક કાવ્ય મહેફિલ રવિવારે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે યોજવામાં આવી હતી.

સભાના પ્રમુખ નટવર હેડાઉ, ભાગ્યેશ જહા, ડૉ. કેશુભાઈ દેસાઈ અને તોફાની તાંડવના પ્રમુખ જીગર ઠક્કર દ્વારા દીપ પ્રાગટ્ય કરી આ મહેફિલને ખુલ્લી મૂકવામાં આવી હતી.

ગાંધીનગર, પાલનપુર, અમદાવાદ, મુંબઈથી કવિઓ આ મહેફિલમાં પધાર્યા હતા. ગાંધીનગરના કવિ ભાગ્યેશ જહા, કિશોર જીકાદરા, પ્રતાપસિંહ ડાભી, ભરત કવિ, નટવર હેડાઉ, સંજય થોરાત, ડૉ. કેશુભાઈ દેસાઈ, રાજેન્દ્ર વ્યાસ, બાબુદાન ગઢવી, કવિ મુલાંકી, બાબુ નાયક, નરપત આસીયાએ પોતાનાં કાવ્યોની પ્રસ્તુતિ આ મહેફિલમાં કરી હતી. ઉપરાંત તોફાની તાંડવ ગૃપના જીગર ઠક્કર, સાકેત દવે, મનોજ ભાવસાર, કીર્તિ રાઠોડ, કવિતા શાહ, લતા કાનુગા, કમલ પાલનપુરી, નિરંજન શાહ સહિત કુલ પચાસ કવિઓએ પોતાની પ્રસ્તુતિ પણ કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાકેત દવે અને મનોજ ભાવસાર દ્વારા કરવામાં આવ્યું હતું. ગઝલ-કવિતાના વિશેષ ખ્યાલની જાણકારી ભાગ્યેશ જહા અને પ્રતાપસિંહ ડાભી દ્વારા આપવામાં આવી હતી.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૫૧મો મણકો ॥

ત્યારે ગાંધીજી બોલ્યા, 'તમારી ઈચ્છા મને શું ગમે એ જાણવાની હોય તો આજે સાંજે શિવાજી પાર્કમાં જાહેર સભામાં મારે બોલવાનું છે તે સભામાં તમે મારા વતી ભાષણ કરો એમ હું ઈચ્છું ખરો.'

'તમારી સાથે રહેવા કરતાં તમને ગમતું હોય તે કરવાનું વધારે મન થાય' એવો ભાવ કસ્તૂરબાએ વ્યક્ત કર્યો અને તેઓ ગાંધીજી વતી ભાષણ કરવા તૈયાર થયા. આમ, ગાંધીજી એકલા જ જેલમાં ગયા.

૧૮ વર્ષનો નારાયણ ત્યાં ઊભો છે અને એને રામાયણનો પ્રસંગ યાદ આવે છે, જેમાં રામ સીતાને પોતાની સાથે વનમાં ન આવવા માટે કહે છે, પણ સીતાજી માનતા નથી અને સીતાની જીત થાય છે, પણ અહીં એનાથી ઊલ્ટું બની રહ્યું હતું. રામ પોતાની વાત જાણે સીતાજીને મનાવી રહ્યા હતા.

જોકે, કસ્તૂરબા પણ સભામાં પોતાનું ભાષણ ન આપી શક્યા. ગાંધીજીએ કહ્યું હતું તેમ કસ્તૂરબાને પકડી લેવામાં અવાયા. તેમને પહેલાં મુંબઈની આર્થર રોડ જેલમાં લઈ જવામાં આવ્યા હતા પણ પછી કોણ જાણે સરકારના મનમાં રામ વસ્યા હશે તો પૂનાની આગાખાન જેલમાં લાવવામાં આવ્યા. ગાંધીજીએ અગાઉ કહ્યું હતું કે જેલને મહેલ ગણી રહેજો. પણ અહીં તો મહેલને જેલ બનાવવામાં આવી હતી. લાકડાના પાટિયાં મૂકીને જેલને ચોતરફથી ઢાંકવામાં આવી હતી. આદેશ હતો કે બહારના કોઈ માણસને જોવા નહીં. મતલબ કે બહારનો કોઈ માણસ તેમને જોઈ શકે નહીં. મહેલમાં ઉપલો મજલો હતો પણ ત્યાં જવાની કોઈ કેદીને છૂટ ન હતી. અમે લોકો પર્ણકુટિમાંથી દૂરબીન લઈને જોતા, મહેલ દેખાતો પણ ગાંધીજી કે કોઈ દેખાતું નહીં.






એ સમયે ગાંધીજી ૭૦ વર્ષ તો વટાવી ચૂક્યા હતા, એવા એ ગાંધીજીને નાસતા બચાવવા માટે ૧૧ ફૂટની કાંટાળી તારની વાડ કરવામાં આવી હતી મહેલના મકાનની આસપાસ અને ૭૬ શસ્ત્રધારી પોલીસો દિવસરાત ચોકી કરતા ઊભા રહ્યા હતા.

આ મહેલમાં દસેક દિવસ પછી સુશીલાબેને ડાયરી લખવા માંડી. કારણ કે એ દિવસો દરમ્યાન ડાયરી લખનારો (મહાદેવભાઈ) ચાલ્યો ગયો હતો.

૧૯૪૦થી ૪૪ની વચ્ચે ગાંધીજીના ચાર અત્યંત પ્રિય સ્વજનો ગયા.

૧૯૪૦માં જેની પહેલી મુલાકાતથી ગાંધીજીને અને એન્ડ્રુઝ એકબીજાને મોહન અને ચાર્લી કહેવા લાગ્યા હતા તે દિનબંધુ એન્ડ્રુઝનું મોત થયું.

ઈન્ગ્લેન્ડમાં જે કંઈ સારાપણું છે તે કોઈ એક માણસમાં જોવું હોય તો આ એક માણસમાં છે. અને એન્ડ્રુઝ ગાંધીજી માટે એમ કહેતાં કે ઈસુ ખ્રિસ્ત આ જમાનામાં જન્મે તો એ આવા હોય.


૧૯૪૨ના ફેબ્રુઆરી મહિનામાં ગાંધીજી જેમને પોતાના પાંચમા પુત્ર કહેતા તે જમનાલાલ બજાજ ગયા.

પંદરમી ઓગષ્ટની સવાર પડી ને એક બીજી દુર્ઘટના થઈ. સુશીલાબેને અચાનક અવાજ સાંભળ્યો, 'સુશીલા દોડ, આ મહાદેવને કંઈક થાય છે.' સુશીલાબેનને એમ થયું કે ડૉક્ટર આવ્યા હશે ને તેથી એક ડૉક્ટર તરીકે પોતાનેય બોલાવતા હશે, તેથી એમણે કહ્યું કે આવું છું. પણ ત્યાં તો ફરી બૂમ સાંભળી, 'સુશીલા, જો મહાદેવને કંઈક થાય છે.' દોડીને ગયા, નાડી તપાસી. પોતાની દવાની થેલીમાંથી દવાઓ કાઢી, પણ જે દવા આપવા માંગતા હતા એ હતી નહીં.

મહાદેવભાઈનું માથું બાપુના ખોળામાં હતું ને બાહુ મહાદેવભાઈના માથા પર હાથ પસવારી રહ્યા હતા.

છ મહિના પહેલા એક પ્રસંગ બન્યો હતો. જ્યારે મહાદેવભાઈને બીજીવારનો એટેક આવ્યો ત્યારે બાપુ તેમની સાથે હતા અને આમ જ એમણે મહાદેવભાઈનું માથું પોતાના ખોળામાં રાખ્યું હતું. સ્ટેશનથી સેવાગ્રામ સુધી એ મહાદેવભાઈને આમ જ લઈ આવ્યા હતા. એ સમયે બાપુએ મહાદેવને પૂછ્યું હતું, 'મહાદેવ, હવે તમને કેવું લાગે છે ?' ત્યારે મહાદેવભાઈએ જવાબ આપ્યો હતો, 'બાપુ હવે શું પૂછો છો ?' આમ કહેવાનું કારણ માત્ર એટલું જ કે મહાદેવભાઈએ એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે હું મરું ત્યારે ગાંધીજીના ખોળામાં મારું માથું હોય. એ ઈચ્છા પૂર્ણ થઈ એમ માનીને મહાદેવભાઈએ ગાંધીજીને કહ્યું હતું કે 'હવે શું પૂછો છો ? મારી તો ઈચ્છા પૂરી થઈ ગઈ.' અલબત્ત, એ વખતે તો એમની ઈચ્છા પૂરી નહોતી થઈ, પણ એ છ મહિના પછી યરવડામાં પૂરી થઈ.

સૌ સ્તબ્ધ બનીને ઊભા હતા. ગાંધીજી પણ મૂર્તિની જેમ લગભગ સ્થિર ઊભા હતા. પણ કોઈએ સાંભળ્યું હતું કે ગાંધીજી 'ખુરશી લાવો' એમ બોલ્યા હતા. એ ખુરશી પર કસ્તૂરબાને બેસાડવામાં આવ્યા હતા અને ચિતા બળી રહી ત્યાં સુધી તેઓ એ ખુરશી પર બેસી રહ્યા હતા. બાકી સૌ સ્તબ્ધ હતા, કોઈ કશું બોલી નહોતું રહ્યું, પણ કસ્તૂરબા ખૂબ રડતા હતા અને બોલતા હતા, મહાદેવ તેં આખી જિંદગી કોઈનું બૂરું નથી કર્યું, તેથી તું જ્યાં જાય ત્યાં તારું પણ સારું જ થશે..... મહાદેવ, આ તો તારું મંદિર હતું. અને આ મંદિરમાંથી હું પણ બહાર જવાની નથી. આમ, કસ્તૂરબાએ ૧૫મી ઑગષ્ટે જ પોતાનું ભવિષ્ય ભાખી લીધું હતું. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ